ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૬૫/૧૮–૧૯/૬૫૧ તારીખ : 5 MAR 2019

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
શ્રી ગીરીશભાઈ ભગવાનજીભાઈ રીબડીયા,
મુ.વાડાસડા, તા.જેતપુર,
જી.રાજકોટ.
**મો.નં. ૯૯૯૮૩ ૦૩૫૨૪.**

કેસ નં.૧૬૫/૧૮–૧૯

**વિષય : ખેતીવાડી વીજ કનેકશનનનું નામ ટ્રાન્સફર કરી આપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૨/૦૧/૧૯.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૬૫/૧૮–૧૯/૩૯૦ તા.૨૪/૦૧/૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૬૫/૧૮–૧૯/૪૯૭ તા.૦૨/૦૨/૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૮/૦૨/૨૦૧૯** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ. પી. સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **અમરેલી–૨.**

*........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **અમરેલી.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **વડિયા.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૧૬૫/૧૮–૧૯** ☜

વાદી :– શ્રી ગીરીશભાઈ ભગવાનજીભાઈ રીબડીયા

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખ:– ૧૮.૦૨.૨૦૧૯** ◈

હાજર રહયા :– શ્રી ગીરીશભાઈ ભગવાનજીભાઈ રીબડીયા – (વાદી પોતે)

પ્રતિવાદી :– શ્રી એન. આઈ. ઉપાધ્યાય, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી–૨, અમરેલી
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી ગીરીશભાઈ ભગવાનજીભાઈ રીબડીયા, મુ.વાડાસડા, તા.જેતપુર, જી.રાજકોટ ની ખેતીવાડી વીજ કનેકશનનું નામ ટ્રાન્સફર કરી આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૬૫/૧૮–૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, અમરેલીને પત્ર નં.બીઝેડ/ફોરમ/૧૬૫/૧૮–૧૯/૩૯૦ તા.૨૪.૦૧.૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૧૮.૦૨.૧૯ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એન. આઈ. ઉપાધ્યાય, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી–૨, અમરેલી ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ હું ગીરીશભાઈ ભગવાનભાઈ રીબડીયા, મુ.વાડાસડા, તા.જેતપુર, જી.રાજકોટ, સર્વે નં.૨૫૯ પૈકી–૭ થી ખેતીવાડી ધરાવું છું. સદર ખેતીવાડીની જમીન મારા પિતાશ્રીના સર્વે નં.૨૫૯ પૈકીમાંથી મને વારસામાં ૨૯૭૩ નોંધથી આવેલી છે.

૧.૨ મારા પિતાશ્રીના સર્વે નં.૨૫૯ પૈકીમાં ખેતીવાડી વીજોડાણ નં.૮૭૭૬૨/૦૦૯૧૬/૩ થી ૫ હો.પા.નું આવે છે. આ ખેતીવાડી વીજજોડાણ મને વારસાઈમાં મળેલા સર્વે નં.૨૫૯ પૈકી–૭ માં નામ ટ્રાન્સફર કરવાની સંમતિ મારા પિતાશ્રી દવારા આપેલ છે.

P.G.V.C.L. Bhavnagar. Consumer Grievance Redressal Forum

૧.૩ આ વીજજોડાણમાં નામ ટ્રાન્સફરની અરજી પીજીવીસીએલ કચેરી દવારા સ્વીકારવાની મનાઈ કરેલ છે. તો અમારે કાયદેસર રીતે નામ ટ્રાન્સફર કરવાનું હોવા છતાં નામ ટ્રાન્સફર કરી આપતા નથી. તો ન્યાય આપવા આપ સાહેબને નમ્ર વિનંતી છે. આ સાથે જરૂરી ૭–૧૨, ૮–અ, નોંધ તથા અન્ય કાગળો જોડેલ છે.

☞ **પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,**

૨.૧ અરજદારશ્રી ભગવાનજીભાઈ રણછોડભાઈ રીબડીયાના નામે મુ.વાડાસડા, તા.જેતપુર ખાતે સર્વે નં.૨૫૯ પૈકી–૮ માં ૫ હો.પા.નું ખેતીવાડી વીજજોડાણ નં.૮૩૭૬૨/૦૦૯૧૬/૩ થી ધરાવે છે. અરજદાર દવારા સદર વીજજોડાણમાં ભગવાનજીભાઈ રણછોડભાઈ રીબડીયાના નામે થી ગીરીશભાઈ ભગવાનભાઈ રીબડીયાના નામે નામ ટ્રાન્સફર કરવા માટે રજુઆત કરેલ છે.

૨.૨ જે મુજબ તેઓ દવારા ૨૫૯ પૈકી–૮ નાં ૭/૧૨ અને ૮–અ ની નકલ રજુ કરેલ છે, જેમાં કબજેદારમાં ભગવાનજીભાઈ રણછોડભાઈ રીબડીયાનું નામ છે જેથી સદર સર્વે નંબરના માલીક ભગવાનજીભાઈ રણછોડભાઈ રીબડીયા ગણાય. અરજદાર દવારા રજુ કરવામાં આવેલ ગામ નમુના નં.૬ (હકક પત્રક) મુજબ સર્વે નં.૨૫૯ પૈકી–૭ વાળી જમીન ગીરીશભાઈ ભગવાનજીભાઈ રીબડીયાના નામે આવેલ છે, તેવું જણાવે છે.

૨.૩ આમ, સર્વે નં.૨૫૯ પૈકી–૮, વાળી જમીન ભગવાનજીભાઈ રણછોડભાઈ રીબડીયાના નામે છે અને ૨૫૯ પૈકી–૭ વાળી જમીન ગીરીશભાઈ ભગવાનજીભાઈ રીબડીયાના નામે આવેલ છે તેમજ વડીયા પેટા વિભાગીય કચેરીના રેકોર્ડ મુજબ હયાત ખેતીવાડી વીજજોડાણ સર્વે નં.૨૫૯ પૈકી–૮ માં આવેલ છે, જેથી સદર વીજજોડાણમાં શ્રી ભગવાનજીભાઈ રણછોડભાઈ રીબડીયાના નામેથી શ્રી ગીરીશભાઈ ભગવાનજીભાઈ રીબડીયાના નામે નામ ટ્રાન્સફર થઈ શકે નહી.

☞ **ફોરમનું તારણ** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી ગીરીશભાઈ ભગવાનભાઈ રીબડીયાની ફોરમને રજુઆત છે કે તેઓના પિતાશ્રી ભગવાનભાઈ રણછોડભાઈ રીબડીયાના નામનું ગ્રાહક નં.૮૩૭૬૨/૦૦૯૧૬/૩ થી ગામ–વાડાસડા માં સર્વે નં.૨૫૯ પૈકીમાં ખેતીવાડી વીજજોડાણ આપવામાં આવેલ.

૩.૨ હાલ સર્વે નં.૨૫૯ માં ૨૫૯ પૈકી ૭ માં વાદી અરજદાર ગીરીશભાઈ ભગવાનભાઈ રીબડીયાની માલીકી છે, તેઓ આ વીજજોડાણ ભગવાનજીભાઈ રણછોડભાઈ રીબડીયાના નામ માંથી વાદી પોતાના નામે નામ ટ્રાન્સફર કરાવવા માંગે છે.

૩.૩ ભગવાનજીભાઈ રણછોડભાઈ રીબડીયાને આપવામાં આવેલ ખેતીવાડી વીજજોડાણ હાલ ૨૫૯ પૈકી ૮ માં છે, જયારે વાદી અરજદારની માલીકી સર્વે નં.૨૫૯ પૈકી ૭ ની જમીનની છે. આમ જે સર્વે નંબરમાં વીજજોડાણ હયાત છે તે સર્વે નં.૨૫૯ પૈકી ૮ વાદીની માલીકીનો નથી, તેથી હયાત વીજજોડાણ ગીરીશભાઈ ભગવાનભાઈ રીબડીયાના નામે નામ ટ્રાન્સફર થઈ શકે નહી.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.

૩.૪ વાદીની અરજી ગ્રાહય રાખવામાં આવતી નથી.

-:: હુકમ ::-

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૩ અને ૩.૪ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(બી. જે. દવે)
**સ્વતંત્ર સભ્યશ્રી**

ગેરહાજર
(પી. એચ. માવાણી)
**ટેકનીકલ સભ્યશ્રી**

(એમ. આર.વજરીયા)
**અધ્યક્ષશ્રી,**
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ:-૧૮.૦૨.૨૦૧૯

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.